# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## ( Established vide Gujarat Act No. 24/2015)


સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ. પિન કોડ-૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001


નં. એસજીજીયુ/વહીવટ/૨૦૧૮/ 17958

તા. ૧૮/૦૮/૨૦૧૮

પરિપત્ર- ૫૯૬

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ, સાયન્સ, કોમર્સ, મેડીકલ અને પેરા-મેડીકલ અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે રાજ્યમાં યુનિવર્સિટી અને કોલેજ કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં નિયમિત શિક્ષણ ઉપરાંત વધુ માહિતી,ઉચ્ચ ગુણવતા યુક્ત શિક્ષણ તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઉપલબ્ધ સંસાધનો જેવા કે,MSSIVE ONLINE OPEN COURSEWARE(MOOC) તેમજ ખ્યાતનામ સંસ્થાઓના વિડીયો લેક્ચર્સ, સ્પ્લીમેન્ટ્રી ક્વીઝ ઈત્યાદી મેળવવા માટે રાજ્ય સરકારશ્રી દ્વારા રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં માર્ચ - ૨૦૧૮માં પાસ થયેલા અને શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯માં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને રૂ.૧૦૦૦/- નાં ટોકન દરે NAMO e-TAB ટેબલેટ આપવામાં આવનાર છે.

જે વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ રૂ.૧૦૦૦/- નાં ટોકન દરે NAMO e-TAB ટેબલેટ મેળવવા માંગતા હોય તે વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ પાસેથી તા. ૩૧/૦૮/૨૦૧૮ સુધીમાં ટોકન ફી પેટે રૂ. ૧૦૦૦/- લેવાના રહેશે અને ટોકન ફી ભરનાર વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓનું રજીસ્ટ્રેશન ગત વર્ષની જેમ ડીજીટલ ગુજરાતની વેબસાઇટ http://www.digitalgujarat.gov.in પર ફરજીયાત કરવાનું રહેશે તેમજ રજીસ્ટ્રેશન અંગેની યાદી ઉપરોક્ત વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી આચાર્યશ્રીના સહી-સિક્કા સાથે તેમજ ફી યુનિવર્સિટીનાં ખાતામાં જમા કરાવ્યાની રસીદની નકલ તા. ૦૩/૦૯/૨૦૧૮નાં રોજ સાંજે ૪.૦૦ કલાક સુધીમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, સરકારી પોલીટેકનીક કેમ્પસ, ગદુકપુર, ગોધરા ખાતે રૂબરૂમાં હાર્ડકોપી અને સોફ્ટકોપી સ્વરૂપે પહોંચાડવાની રહેશે. NAMO e-TAB ટેબલેટ યોજના હેઠળના લાભાર્થી વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ પાસેથી એકત્રિત કરેલ ટોકન ફીની રકમ નીચેની વિગતે યુનિવર્સિટી ખાતે જમા કરાવવાની રહેશે.

- રજીસ્ટ્રાર, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનાં નામનો અને ગોધરા ખાતે ચુકવવા પાત્ર ડીમાન્ડ ડ્રાફ્ટ/બેન્કર્સ ચેક

અથવા

- રજીસ્ટ્રાર, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરાના ભારતીય સ્ટેટ બેંકના ખાતા નં.35567029720 (ISFC CODE: SBIN0000375 MICR: 389002003) માં NEFT/RTGS થી તબદીલ/જમા કરાવ્યાની રીસીપ્ટની નકલ

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
# Shri Govind Guru University
( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ. પિન કોડ-૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001


આ યોજનાની જાણકારી આપની કોલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯માં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ અને વર્ષ ૨૦૧૮માં ધોરણ – ૧૨ની પરીક્ષા પાસ કરેલ તમામ વિદ્યાર્થીઓને મળે અને વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ લે તેવા પ્રયત્નો આપની કક્ષાએથી કરવા ભારપૂર્વક જણાવવામાં આવે છે.

કુલસચિવ,
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ, સાયન્સ, કોમર્સ, મેડીકલ અને પેરા-મેડીકલ અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.

નકલ સાદર રવાના જાણ અર્થે:-

- અગ્રસચિવશ્રી, (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ), શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, નવા સચિવાલય ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, બ્લોક નં. ૧૨/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર.
- પ્રો. એ.યુ.પટેલ,એડવાઇઝરશ્રી, કે.સી.જી., પ્રજ્ઞા પુરમ, એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજ પાસે, નવરંગપુરા, અમદાવાદ.
- એડવાઈઝરશ્રી, કે.સી.જી. પ્રજ્ઞાપુરમ, એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજ પાસે, નવરંગપુરા, અમદાવાદ.